સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ


# ધર્મની એકતા અને માનવ સેવાના પ્રખર હિમાયતી રામકૃષ્ણ પરમહંસ

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

આધુનિક ભારતના સંત શિરોમણિઓમાંના એક શ્રી રામકૃષ્ણ પરમહંસ ધર્મની એકતા અને માનવસેવાના પ્રખર હિમાયતી, ઉચ્ચ કોટિના સિદ્ધ સંત હતા. તમામ ધર્મ સત્ય છે એટલે જેટલા મત એટલા માર્ગ સ્વાભાવિક છે. જીવ જ શિવ છે અને સાધનામાં સિદ્ધિ માટે એકાગ્રતા અનિવાર્ય છે. અહંકાર અને મોહના ત્યાગથી ઈશ્વરની સ્પષ્ટ રીતે અનુભૂતિ શક્ય બને.

કેલેન્ડર અનુસાર આ સપ્તાહમાં તિથિ મુજબ શ્રી રામકૃષ્ણ પરમહંસની પુણ્યતિથિ છે. તેમનું મૂળ નામ ગદાધર ચટ્ટોપાધ્યાય હતું. બંગાળના એક નાનકડા ગામમાં ઈશ્વરપ્રેમી, ધાર્મિક અને ઉચ્ચ આધ્યાત્મિક આદર્શોથી સંપન્ન સનાતની બ્રાહ્મણ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. માત્ર ૫૦ વર્ષની આવરદા છતાં તેમનું જીવન અલૌકિક, સમાજ માટે, સાધકો માટે પ્રેરણાદાયક રહ્યું. અનુકરણીય ચરિત્ર, અલૌકિક વ્યક્તિત્વ, અસાધારણ બુદ્ધિ તથા સર્વ જાતિઓ અને સંપ્રદાયોના લોકો પ્રત્યે નિષ્કામ પ્રેમને કારણે ખૂબ નાની ઉંમરમાં જ લોકપ્રિય બન્યા.

બાળપણથી જ રામકૃષ્ણ સાંપ્રદાયિકતા તથા સંકુચિત ભાવોના વિરોધી હતા, પરંતુ સાથોસાથ તેમણે એ પણ બતાવ્યું કે તમામ સંપ્રદાય અને મત-મતાંતર સાચા જિજ્ઞાસુઓને તમામ ધર્મના સર્વસંમત લક્ષ્ય સુધી પહોંચાડવાના અલગ-અલગ માર્ગ છે. રામકૃષ્ણ પરમહંસે દુનિયાના અલગ-અલગ સંપ્રદાયો અને મત-મતાંતરો અનુસાર સાધના કરીને પ્રત્યેક વિશિષ્ટ ધર્મના સર્વોચ્ચ ધ્યેયને પ્રાપ્ત કર્યું અને સાધના દ્વારા પ્રાપ્ત થયેલી આધ્યાત્મિક અનુભૂતિઓ માનવજાતિને આપી. તેમને ઈશ્વર થકી પ્રાપ્ત થતા વિચારોમાં માનવીય બુદ્ધિ, સંસ્કાર અથવા પંડિતાઈનું સંમિશ્રણ નહોતું. જન્મથી માંડીને મૃત્યુ સુધીનું તેમનું પ્રત્યેક કાર્ય અસાધારણ હતું. તેમના અનુયાયીઓના મતે વીસમી સદીની આધ્યાત્મિક જરૂરિયાતોને પૂર્ણ કરવા સ્વયં ભગવાને તેમને નિમિત્ત બનાવ્યા. તેમણે હિન્દુ ધર્મના વિવિધ અંગોની સાધના બાર વર્ષ પર્યંત કરી. તે દરમિયાન તપસ્યા અને ત્યાગમય જીવન વિતાવ્યું. તોતાપુરી નામના વિદ્વાન સંતે તેમને સંન્યાસ દીક્ષા આપી રામકૃષ્ણ પરમહંસ નામાભિધાન કર્યું. તેમણે તાંત્રિક સાધના તથા ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મ અનુસાર જે તે ધર્મના અનુયાયીઓની જેમ ઉપાસના કરી.



શ્રી રામકૃષ્ણ પરમહંસના અવતારનો હેતુ પોતાના જીવન દ્વારા એ દર્શાવવાનો હતો કે, કઈ રીતે કોઈ સાચો આત્મજ્ઞાની ઈન્દ્રિયોના વિષયોથી બહિર્મુખ થઈ પરમાનંદમાં લીન રહી શકે. તે એ સિદ્ધ કરવા આવ્યા હતા કે પ્રત્યેક આત્મા અમર છે અને બ્રહ્મત્વને પ્રાપ્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે. વિવિધ સંપ્રદાયોના અંતઃસ્થળમાં સૈદ્ધાંતિક એકતા દર્શાવીને તેઓ વચ્ચે સુમેળ સ્થાપિત કરવો એ જ એમના જીવનનો ઉદ્દેશ હતો. રામકૃષ્ણ પરમહંસે એ સિદ્ધ કરી બતાવ્યું કે

> **અનુકરણીય ચરિત્ર, અલૌકિક વ્યક્તિત્વ, અસાધારણ બુદ્ધિ તથા સર્વ જાતિઓ અને સંપ્રદાયોના લોકો પ્રત્યે નિષ્કામ પ્રેમને કારણે ખૂબ નાની ઉંમરમાં જ લોકપ્રિય બન્યા**

તમામ ધર્મ એક નિત્ય સત્યની તરફ લઈ જનાર અલગ-અલગ માર્ગ છે. પરમાત્મા એક છે, પરંતુ તેના અનેક રૂપ છે. જુદી-જુદી જાતિઓ તેની પૂજા અલગ-અલગ નામો અને રૂપોથી કરે છે. તે સાકાર પણ છે અને નિરાકાર પણ અને બંનેથી પર નિર્ગુણ પણ છે. તેનું નામ અને રૂપ હોવા છતાં પણ તે નામ અને રૂપ વગરના છે. તેમનું ધ્યેય પરમાત્માને વિશ્વના માતા-પિતા સિદ્ધ કરવાનું તથા એ રીતે સ્ત્રીત્વના આદર્શને જગદંબાના પદ પર પ્રતિષ્ઠિત કરવાનું હતું.

શ્રી રામકૃષ્ણ સ્પર્શ માત્રથી કોઈપણ પાપીના ચરિત્રને પોતાની દેવી શક્તિ દ્વારા પલટી નાખતા હતા અને તેને આધ્યાત્મિક જગતમાં પહોંચાડી દેતા હતા. પોતાની આત્મિક શક્તિ તેમાં દાખલ કરી તેને ઈશ્વરના દર્શન કરાવી વ્યક્તિને પવિત્ર કરતા હતા. ચમત્કાર કહી શકાય તેવી અનેક ઘટનાઓ તેમની સાથે સંકળાયેલી છે. દૃષ્ટાંત કથાઓ દ્વારા તેઓ ગહન સિદ્ધાંતો સમજાવતા, જેમ કે ‘માખણ... માખણ’ બોલ્યા કરવાથી માખણ નહીં મળે, પરંતુ મંથનની પ્રક્રિયા કરવાથી માખણ મળે. તેમના જીવન-કવનનો વ્યાપ વિશાળ હતો. ‘મા’ કાળીના ભક્ત, ભગવાનના નામમાં ખૂબ પ્રીતિ રાખનાર રામકૃષ્ણ પરમહંસ થકી જ દુનિયામાં ભારતનું, સનાતન ધર્મનું નામ રોશન કરનારા સ્વામી વિવેકાનંદ જેવા સંત દેશને મળ્યા.

તેમના જીવન-કવનની વિદેશી અખબારો, પત્રિકાઓએ વ્યાપક નોંધ લીધી હતી. અમેરિકન વેદાંત સોસાયટીએ રામકૃષ્ણ પરમહંસનો સંદેશ તેમજ ઉપદેશ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. જેના યુરોપની સ્પેનિશ, પોર્ટુગીઝ, ડેનિશ, સ્કેન્ડિનેવિયન, ઝેકોસ્લોવિક ભાષાઓમાં અનુવાદ થયા છે. રામકૃષ્ણ પરમહંસ મિશનનાં દેશ અને દુનિયામાં ૨૫૦થી વધુ કેન્દ્રો છે, જે તેમની વિચારધારા અને સેવા પ્રવૃત્તિના પ્રચાર-પ્રસારમાં સક્રિય છે. ‘ઈદં ન મમ’.



# આત્મપ્રતીતિની અનિવાર્યતા

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

આત્મપ્રતીતિ અને આત્માનો અવાજ ભૌતિક અને આધ્યાત્મિક જીવનમાં દરેક વ્યક્તિ માટે જરૂરી અને અનિવાર્ય છે. આત્મપ્રતીતિ સાચા-ખોટાની, સત્ય-અસત્યની સમજ અને પ્રેરણા આપે છે. સમય જતાં આત્મપ્રતીતિ માનવીના આત્માનો અવાજ બને છે. જે વ્યક્તિ પોતાના આત્માના અવાજને અનુસરે છે તે સફળ બને છે. જે નથી અનુસરતો તે નિષ્ફળ બને છે. એટલું જ નહીં વિનાશનું પણ કારણ બને છે. આ સંદર્ભમાં મહાભારતના ભીષ્મનું પાત્ર આ જ હકીકતનું નિદર્શન કરે છે. શકુનિપ્રેરિત દુર્યોધનની કનડગત, તેનાં વાણી, વર્તન, વ્યવહાર અને દ્રૌપદીનાં ચીરહરણ અંગે જયારે ભીષ્મને પૂછવામાં આવ્યું કે દુર્યોધનની આટલી બધી કનડગત અને દ્રૌપદીનું ચીરહરણ થયું ત્યાં સુધી કે મૌન રહ્યા? ભીષ્મે કહ્યું: ‘‘હું દુર્યોધનના અન્ન પર જીવતો હતો. જેનું અન્ન ખાઈએ તેના ઋણમાં આપણે રહીએ છીએ. તેની અસર વ્યક્તિની વિચારશક્તિ પર પણ પડે છે. આથી હું તેના ઋણ તળે દબાયેલો હોવાથી તેની ખોટી કનડગત, તેનાં અયોગ્ય વાણી, વ્યવહાર, વર્તન હું જોતો, જાણતો, સમજતો હોવા છતાં હું તેને કંઈ જ ન કહી શક્યો અને યોગ્ય નિર્ણય પણ લઈ ન શક્યો.’’ આપણો સનાતન ધર્મ માત્ર પલાંઠી વાળી માળા કરવાનું જ નથી શીખવતો. જીવનને પ્રામાણિક, પવિત્ર અને સરળ બનાવવાનું, નૈતિકતા અપનાવવાનું પણ શીખવે છે. જીવનને ઉદાર અને ઉન્નત બનાવવાનું માર્ગદર્શન પણ આપે છે. સાચો ધર્મ શું છે, સાચી ભક્તિ, ઉપાસના, સાધના શું છે ? આધ્યાત્મિકતા શું છે તે પણ સમજાવે છે.

આપણા તમામ સંબંધોના સંદર્ભમાં વિચારીએ તો કોઇ પણ સંબંધ ભલે ગમે તેટલા નિકટ કેમ ન હોય, આપણું સ્વજન કેમ ન હોય પણ જયાં વિપરીત પરિસ્થિતિ સર્જાતી હોય, કંઈક ખોટું થતું હોય તો તેને

> **આપણા તમામ સંબંધોના સંદર્ભમાં વિચારીએ તો કોઇ પણ સંબંધ ભલે ગમે તેટલા નિકટ કેમ ન હોય, આપણું સ્વજન કેમ ન હોય પણ જયાં વિપરીત પરિસ્થિતિ સર્જાતી હોય, કંઈક ખોટું થતું હોય તો તેને સાથ ન જ આપવો જોઈએ. એ જ સાચી માનવતા છે. ભલે તેના ઘરનું અન્ન ખાધું હોય, ખાતાં હોઈએ પણ જરૂર પડયે સચ્ચાઇના પક્ષે રહેવું એ જ આપણી ફરજ છે**

સાથ ન જ આપવો જોઈએ. એ જ સાચી માનવતા છે. ભલે તેના ઘરનું અન્ન ખાધું હોય, ખાતાં હોઈએ પણ જરૂર પડયે સચ્ચાઈના પક્ષે રહેવું એ જ આપણી ફરજ છે. આ ને આવી ફરજ આપણા જીવનમાં, ઘરમાં, કુટુંબમાં, સમાજમાં, રાષ્ટ્રમાં અને વિશ્વમાં ક્યાંય પણ કોઈ પણ ક્ષેત્રે કોઇ પણ પ્રકારનું અહિત થતાં રોકે છે. વિનાશ થતાં રોકે છે. ઘણી વાર આપણા વ્યવહારમાં કહેવાય છે કે બંદૂક ફોડવા કોઈને આપણો ખભો ન આપાય. આપણો ખભો કોઈકની વેદનાનો ભાર ઝીલવા માટે છે. એ ભાર ઝીલવા આપણે સદા તત્પર રહેવું જોઈએ. આ તત્પરતા માણસ માટે વિશ્વસનીયતા પેદા કરે છે. વ્યક્તિત્વને ગરિમાપૂર્ણ અને તેજસ્વી બનાવે છે. જીવનની વિકટ પળોમાં સાચા માર્ગ પર ચાલવા માટે નિષ્પક્ષતા, સત્યનો અભિગમ, હિંમત, ખુમારી અને ખમીર જરૂરી છે. જીવનમાં સત્યાચરણનો અભિગમ અનિવાર્યપણે અપનાવી લીધો હોય તો ખોટા સામે, અન્યાય સામે, અનીતિ સામે અવાજ ઉઠાવતાં વાર નહીં લાગે. આપણાં શાસ્ત્રો, સંતો, કથાકારો સારી સંગત, સત્સંગ, સચ્ચાઈ, પ્રામાણિકતા, પવિત્રતાનો બોધ આપે છે. દારૂડિયાની સંગત દારૂ પીવાની લાલસા જગાડશે જ પણ ત્યારે આપણો અભિગમ, આપણી નિષ્ઠા, આપણા સંસ્કાર જ આપણાં શિરછત્ર બની આપણને અનીતિના માર્ગે જતાં રોકે છે. માણસનું દૃઢ મનોબળ જ તેને સફળ બનાવે છે. આપણામાં કહેવત છે ને ‘અન્ન તેવો ઓડકાર’. તેમ છતાં આપણાં ખમીર, ખુમારી એ દૂષિત અન્નને તાબે અંદરથી નહીં જ થવા દે. આથી કોઈને ત્યાં કે બહારનું ખાવા માટે જે નિષેધ છે તે આટલા જ કારણથી પણ ત્યારે પણ આત્મ-પ્રતીતિ - આત્માનો અવાજ વ્યક્તિને અનિષ્ટમાંથી, વિકટતામાંથી, વિનાશમાંથી ઉગારે છે.

આજના સમયમાં કોઈને ત્યાં કે બહાર ગમે ત્યાં ખાવાનો પ્રસંગ આવે કે ખાવું પડે ત્યારે ૐ પ્રાણાય સ્વાહાં... ની પ્રાર્થના પ્રચલિત છે જ. એ ન આવડે તો હે પ્રભુ, આ અન્નમાં જો કોઈ નકારાત્મકતા, દૂષિતતાનાં આંદોલનો ભળેલાં હોય તો તેને દૂર કરી તારી દિવ્ય શક્તિ અને પ્રેરણાનાં આંદોલનો સંક્રાંત કર. એમ પ્રાર્થના કરી એને પ્રસાદરૂપે લેવું જોઈએ તો પછી એ અન્ન દૂષિત હોય તો પણ એ દૂષિતને તાબે નહીં શક્તિ, પ્રેરણા આપશે અને વિકટતાને વશ નહીં થઈએ. ઘરમાં બનાવેલું જ ખાવાનો એક નિયમ છે તેની પાછળ આ જ કારણ છે કારણ કે ઘરમાં મા, બહેન, પત્ની કે દીકરી જે પ્રેમ અને આત્મીયતાથી ભોજન બનાવે છે તેનાં સ્વાદ અને શક્તિ અલગ જ હોય છે ને તે ખોટાને તાબે નહિ થવા દે.